Publication: Gujarat Today| Edition: Ahmedabad
Date: February 03, 2023| Page No: 09|NDDB
Headline: Budget - a shot in the arm for cooperative & dairy sector: NDDB

# સહકારી અને ડેરી ક્ષેત્રના વિકાસને પ્રોત્સાહન આપનારૂં બજેટ : NDDB

આણંદ, તા. ૨

એનડીડીબીના ચેરમેન મીનેશ શાહે પશુપાલન, ડેરી ઉદ્યોગ અને મત્સ્યપાલન પર ફોકસની સાથે રૂા. ૨૦ લાખ કરોડના કૃષિ ધીરાણનો લક્ષ્યાંક નિર્ધારિત કરવાના સરકારના ઐતિહાસિક પગલાંને આવકાર્યું હતું. અમૃતકાળનું પ્રથમ બજેટ સહકારી આધારિત આર્થિક વિકાસના મોડલ મારફતે પશુધન અને ડેરી ક્ષેત્રના વિકાસને વેગવંતો બનાવવાની સરકારની કટિબદ્ધતાનો પુરાવો છે. ગત વર્ષની સરખામણીએ પશુપાલન અને ડેરી ઉદ્યોગ માટેની બજેટીય ફાળવણીમાં લગભગ ૪૦ %નો વધારો કરીને રૂા. ૪૩૨૭.૮ કરોડ કરવામાં આવી છે, જે રાષ્ટ્રીય અર્થતંત્રમાં આ ક્ષેત્રના મહત્ત્વને ધ્યાનમાં રાખીને લેવામાં આવેલું એક આવકારદાયક પગલું છે.